<u>રે. દિ.મું.કેસ નં. ૨૭/૨૦૨૧</u>

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ: | ૨૬/૦૫/૨૦૨૧ |
| નોંધ્યા તારીખ: | ૨૬/૦૫/૨૦૨૧ |
| નિર્ણય તારીખ: | ૧૭/૦૩/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ:૪,માસ: ૯ ,દિ: ૦ |

---

**દ્વારકાનાં નામ. મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં**
**મું.દ્વારકા.**

---

**<u>રે. દિ.મું.કેસ નં. ૨૭/૨૦૨૧</u>**

**આંક :–**

(૧) પ્રવીણભાઈ ધનજીભાઈ ટંડેલ,
ઉ.વ. ૪૧, ધંધો–વેપાર,
રહે.–રાણાભઠા, ચીજગામ, નવસારી.

...વાદી

વિરુઘ્ધ

(૧) કલેકટર સાહેબ શ્રી , કલેકટર સાહેબ શ્રી ની કચેરી,
લાલપુર બાયપાસ રોડ, ખંભાળીયા

(૨) જન્મ મરણ નોંધણી અધીકારી શ્રી,
ઓખા નગર પાલીકા કચેરી, ઓખા ... પ્રતિવાદીઓ.

---

**<u>–:: બાબત: સીવીલ ડેથ ડીકલેરેશન મળવા અંગે .</u>**

---

વાદી તરફે વિ.વ.શ્રી ડી. એસ. ચુડાસમા
પ્રતિવાદી નં ૧ તરફે ––
પ્રતિવાદી નં ૨ તરફે વિ. વ. શ્રી આર. એ. શેઠ

---

**-:: ઠરાવ ::-**

(૧) વાદીનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી ઉપરોકત સરનામે રહે છે અને તેઓ વાદીના પીતા ધનજીભાઈ રામાભાઈ ટંડેલ કે જેઓ ગોવીંદ દુર્લભભાઈ ટંડેલની માલીકીની બોટ નામે અન્નપુર્ણા, જેના રજી નં જી જે ૧૫ એમ એમ ૧૧૧૩ માં તા. ૧૦/૯/૨૦૧૦ ના રોજ ખલાસી તરીકે ઓખાના દરીયામાં ગયેલ. ત્યારબાદ દરીયામાં અચાનક વાવાઝોડુ આવતા અન્નપુર્ણા નામની બોટ દરીયામાં ડુબી જવાથી અમો વાદીના પિતા ધનજીભાઈ રામાભાઈ ટંડેલનું તા. ૧૦/૯/૨૦૧૦ ના રોજ ઓખા મુકામે અવસાન થયેલ છે અને ઓખા મરીન પોલીસ દવારા ગુમ થયેલા ઈસમોની રજીસ્ટરની નકલ , ઈન્કવેસ્ટ પંચનામાની નકલ , પોલીસ દવારા બોટ માલીક ગોવીંદભાઈ ટંડેલ નું નીવેદનની નકલ તથા ઓખા મરીન પોલીસ સ્ટેશનમાથી આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ સ્વરૂપે પુરાવો રજુ રાખેલ છે.

(૨) આ કામે ઓખા નગરપાલીકામાં વાદીના પીતાની મરણ નોંધનો બનાવ નોંધાયેલ ના હોય તે અં ગે ઓખા નગર પાલીક દવારા તા. ૨૪/૯/૧૯ ના રોજ અપ્રાપ્ય પ્રમાણપત્ર આપવામાં આવેલ જે પુરાવા તરીકે રજુ રાખેલ છે. આ કામે લાપતા વ્યકિતઓના વારસદારને કલેકટર સાહેબ શ્રી જામનગરના હુકમ નં ડીઝાસ્ટર-મૃત્યુ સહાય-વાઝો- માછીમાર-૫૧ થી ૫૭/૧૧ થી તા. ૧ ૩/૬/૧૧ ના રોજ હુકમ કરવામાં આવેલ અને તેના આધારે વાદીના પીતાને મૃત જાહેર કરી અને લાપતા થયેલ વ્યકિતના વારસદારોન સહાય આપવામાં આવેલ, જે વાદીને મળી ગયેલ છે. કલ ેકટર સાહેબના હુકમની નકલ પુરાવા તરીકે રજુ છે.

(૩) આ કામના વાદી દાદ માગે છે કે પ્રતીવાદી નં ૧ ના જાતેથી તેમની કચેરી મારફત અથવા તેના તાબામાં આવતી ઓખા નગર પાલીકા એટલે કે પ્રતીવાદી નં ૨ ને દાવા અરજીની વીગતે મરણ નોંધ કરી અને મરણ નોંધનો દાખલો આપવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી નં. ૨ તરફે આંક-૮ થી જવાબ રજુ કરેલ જેની ટુંકમાં હકીકત નીચે મુજબ છે. વાદીનો દાવો શુધ્ધ બુધ્ધિ પુર્વકનો ન હોય , ચોખ્ખા હાથે આવેલ ન હોય, વાદીનો દાવો જે ફોરમેટમાં કરેલ છે તે ફોરમેટમાં દાવો દાખલ થવા પાત્ર નથી , કાયદાના કયા પ્રાવધાન તળે પ્ર તીવાદીઓ વીરુધ્ધ દાવો કરેલ છે તે સ્પષ્ટ થતુ નથી, સદર દાવામાં પ્રતીવાદી નં ૧ ને ખોટી રીતે જોડેલ હોય અને દાવો કરતા પહેલા સી.પી.સી. કલમ ૮૦ મુજબની કોઈ નોટીસ આપેલ ન હોય કે નોટીસ વેવ કરવાની અરજી કરેલ ન હોય , પ્રતીવાદી નં ૨ ને પણ ગુજરાત મ્યુનીસીપલ એકટની જોગવાઈઓ મુજબ

મેન્ડેટરી નોટીસ આપવાના પ્રોવીજન હોવા છતા નોટીસ આપ્યા વગર તથા નોટીસ વેવની કરવાન ીપરવાની માગ્યા વગર હાલનો દાવો કરેલ હોય રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો મીસ જોઈન્ડર , નોન જોઈન્ડર ઓફ પાર્ટીના કારણે , ડીલે–લેચીસના કારણે, કારણના અભાવ ને લીધે, નામ. કોર્ટને હકુમત ન હોય, પુરતા કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલ ન હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. ઓખા નગર પાલીકાનું જમીન પરની ક્ષેત્રફળ મર્યાદા તથા ઓખા નગર પાલીકની હદ વીસ્તારમાં દરીયાય સીમામાં જન્મ મરણ થનારને જ જન્મ મરણનો દાખલો ઈસ્યુ કરવાની સતા હોય, વાદીએ તેના દાવામાં તથા રજુ કરેલ દસ્તાવેજોમાં ગુજરનાર ધનજીભાઈ નું અવસાન ઓખાના દરીયામાં કેટલા નોટીકલ માઈલે થયેલ હોય તેનો સ્પષ્ટ પુરાવો રજુ કરેલ ન હોય, આવી સંજોગોમાં પણ જયા સુધી મરણ જનાર જે બોટમાં હતા તે બોટ 'અન્નપુર્ણા' કયા ડુબેલ હોય અને મરણ જનારનું કયારે અને કઈ જગ્યાએ દરીયામાં અવસાન થયેલ તે પુરવાર કરવાની જવાબદારી વાદીની હોય જે પ્રાથમીક તબકકે નકકી થઈ શકતુ ન હોય તેમજ જયુરીડીકશનનો મુદો પણ નકકી કરવો જરૂરી હોય આવા સંજોગોમાં પ્લીડીંગ અને દસ્તાવેજ આધારે મં જુર થવા પાત્ર નથી.

આ કામે પ્રતીવાદી નં ૨ વધુમાં જવાબ રજુ કરેલ છે કે વાદીએ સી.પી.સી. જોગવાઈઓ કલીયર હોય ડેકલેરેશનનો આંક રૂ. ૧૦૦૦/– નો બાંધેલ હોય અને આંક પર જરૂરી કોર્ટ ફી રૂ. ૩૦૦/– થતા હોય આમ છતા રૂ. ૧૦૦/– ના કોર્ટ ફી પર દીવાની પરચુરણ અરજીના ઓઠા તળે હાલનો દાવો ટકવાપાત્ર નથી. વાદીના પીતા અવસાન પામેલાની હકીકત વાદીએ પુરાવાથી પુરવાર કરવાની હોય અને તે અંગે પ્રતીવાદી નં ૨ ની સંસ્થાને અંગત કોઈ જાત માહીતી ન હોય તેથી પણ તે હકીકત કબુલ રાખવામાં આવતી નથી. ઉપરાંત દાવા અરજીના પેરા ૨ માં જણાવેલ હકીકત તથા રજુ કરેલ દ.પુ લીસ્ટ પણ વાદીએ નીરવીવાદ સાબીત કરવાના હોય તે અંગે પ્રતીવાદી નં ૨ ની સંસ્થાને કોઈ જાત માહીતી ન હોય તેથી કબુલ રાખવામાં આવતી નથી. વાદીના દાવા અરજીના પેરા ૩ ની હકીકત પણ વાદીએ નીરવીવાદ પુરવાર કરવાની હોય તથા વાદીએ ઓખા નગર પાલીકામાં ઓખા મરીન પોલીસ સ્ટેશનમાં થયેલ ઈન્કવેસ્ટ પંચનામુ તથા ગોવીંદભાઈ દુર્લભભાઈ ટંડેલની તા. ૧૭/૯/૨૦૧ ૦ ની જાહેરાત તથા ઓખા મરીન પો સ્ટે માથી મેળવેલ ખોવાયેલ ઈસમોનું રજીસ્ટર્ડની નકલ તથા તે સાથે તા. ૧૩/૩/૧૯ નું એફીડેવીટ રજુ કરતા માત્ર પ્રતીવાદી નં ૨ ની સંસ્થાએ અપ્રાપ્ય પ્રમાણ પત્ર ઈસ્યુ કરેલ હોય તેનાથી વાદીના દાવાની દસ્તાવેજી લીસ્ટને સમર્થન મળતુ ન હોય તેથી પણ તે હકીકત કબુલ રાખવામાં આવતી નથી. દાવા અરજીના પેરા ૪ ની તમામ હકીકત વાદીએ તેની દાવા

અરજીમાં લખેલ હકીકતથી વીરોધાભાષી હોય, દરીયામાં વાવાઝોડાના કારણે લાપતા થયેલ વ્યકિતના વારસદારોને કલેકટરશ્રી, જામનગરના પરીપત્ર મુજબ ડીઝાસ્ટર મૃત્યુ સહાય માત્ર મંજુર કરેલ હોય, કલ ેકટરશ્રીએ મરણ જનારને કયાય મૃત જાહેર કરેલ ન હોય અને તે હકીકત વાદીએ સાબીત કરવાની હોય તે કબુલ રાખવામાં આવતી નથી.

(૫) આ કામે વાદી કોઈ દાદ મેળવવા હકદાર થતા ન હોય નામ. કોર્ટમાં ગેરરજુઆત કરી દાવાન સમર્થનમાં ખોટુ સોગંદનામુ કરી ડેકલેરેશનના ઓઠા તળે કોઈપણ કારણ વગર તેઓના કહેવા મુજબ સને ૨૦૧૦ માં થયેલ મૃત્યુ નું ૧૧ વર્ષ બાદ મૃત્યુનું ડેકલેરેશન મેળવવા અને મરણનો દાખલો મેળવવાની દાદ તથા પ્રતીવાદી નં ૨ ની સંસ્થા પાસેથી તા ૧૦/૯/૧૦ ના મૃત્યુ સંબંધે તા ૨૪/૯/૧૯ ના અપ્રાપ્ય દાખલા આધારે ૧૦ વર્ષ બાદ હાલનો ડેકલેરેશનનો દાવો દાખલ કરેલ હોય તેને સ્પષ્ટ લીમીટેશનનો બાધ નડતો હોય વાદીનો દાવામાં માગેલ દાદ મેળવવા હકકદાર થતા નથી.

(૬)આ કામે મારા પુરોગામી ન્યાયધીશ ધ્વારા આંક– ૧૦ થી મુદ્દા ઘડવામાં આવેલા જે નીચે મુજબ છે.

-: Issue :-

1. Whether the plaintiff proves that his father is unknown from the date 10/09/2010?
2. Whether the plaintiff proves that his father went to sea for fishing and due to hurricane the boat alongwith his father sank and till then his father is still unknown?
3. Whether the defendant proves that the suit of the plaitiff is false and got up?
4. Whether the defendant proves that this court have no jurisdiction to try this suit?
5. Whether the plaintiff to get the relief as prayed?
6. What order and decree?

**–:તારણો:–**

(૭) ઉપરોકત હકીકતોના આધારે હાલનો દાવાનાં નિર્ણાયક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) હકારમાં

(૪) હકારમાં

(૫) નકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદાઓ ઘડાયા બાદ આ કામે પક્ષકારોનો પુરાવો નોંધવામાં આવેલ.

(૮) **વાદીનો મૌખીક પુરાવો**

| ક્રમ | વીગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી પ્રવીણભાઈ ધનજીભાઈ ટંડેલ નું સરતપાસ નું સોગંધનામુ | ૧૧ |

**વાદી તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | મરણનોંધમાં નોંધાયાનું ઓખા નગરપાલીકાનું અપ્રાપ્ય પ્રમાણપત્ર અસલ | ૩/૧ |
| ૨ | ઓખા મરીન પોલીસે ગોવિંદભાઈ ટંડેલનું લીધેલ નિવેદનની નકલ | ૩/૨ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૩/૩ |
| ૪ | ખોવાયેલા ઈસમોના રજીસ્ટરની નોંધ | ૩/૪ |
| ૫ | કલેકટર સાહેબશ્રી જામનગરએ સહાય ચુકવવા અંગે કરેલ હુકમની નકલ | ૩/૫ |
| ૬ | ગોવિંદભાઈ દુર્લભભાઈ ટંડેલએ કરેલ સોગંદનામાની નકલ | ૩/૬ |
| ૭. | અરજદારના આધારકાર્ડની નકલ | ૩/૭ |

ઉપરોકત વાદીએ પોતાનો પુરાવો રજુ કર્યા બાદ ઉલટતપાસ માટે પુરતી તક આપવા છતાં હાજર રહેલ નહી જેથી તેમના પુરાવાનું સોગંધનામુ ડીસ્કાર્ડ કરી વધુ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**પ્રતિવાદીનો લેખિત પુરાવો**

(૯) પ્રતિવાદી નંબર-૧ ને પુરતી તક આપવા છતાં તેઓએ પુરાવો રજૂ કરેલ ન હોય તેઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

પ્રતિવાદી નંબર-૨ તરફે આંક-૨૫ થી સરતપાસનું સોગંદનામુ રજૂ કરેલ છે. વાદીને પુરતી તક આપવા છતાં તેઓએ આંક-૨૫ ના સોગંદનામાની ઉલટતપાસ લીધેલ ન હોય, તેથી વાદીનો પ્રતિવાદી નં બર-૨ ની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**પક્ષકારોની દલીલ**

(૧૦) આ કામે ઉપરોકત વાદીએ દલીલ રજૂ કરેલ નથી, પ્રતિવાદીનં ૨ ના વ. શ્રી આર. એ. શેઠની દલીલ સાંભળી.

**–: નિર્ણય ના કારણો :–**

(૧૧) આ કામે તમામ મુદ્દાઓ એકબીજા સાથે સલગ્ન હોય તે મુદ્દાઓ અંગે રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચાનું બિનજરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુથી તથા સગવડતા ખાતર તમામ મુદ્દઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૧૨) આ કામે બંને પક્ષકારોનો પુરાવો નોંધ્યા બાદ આ કામમા ઘડવામાં આવેલ મુદ્દાઓની કાનુની હકીકત રજુ કરેલ છે.ચર્ચા કરતા પહેલા કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ– ૧૦૧ અને ૧૦૨ ની કાનુની જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ:– ૧૦૧:–**

101.Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existene of facts which he asserts,must prove that those facts exist.

When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

કલમ:– ૧૦૨:–

102. The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

(૧૩) આમ આ અધિનિયમની કલમ–૧૦૧ ની કાનુની જોગવાઈ ઘ્યાને લેતાં વાદીએ પોતાની તરફેણમાં કોઈ દાવા અરજીમાં લખેલ હકીકતોનો પુરાવો અસ્તિત્વ ઉપર આધાર રાખી ન્યાયાલયે કોઈ કાયદેસરનો ચુકાદો કે ફેસલ તેમની તરફેણમાં આપે તો તે હકીકતો વાદીએ પુરવાર કરવી પડે.

(૧૪) આમ પુરાવાનો પ્રાથમીક બોજા વાદી પર રહેલ છે.

(૧૫) આ અધિનિયમની મહત્વની કલમ–૧૦૨ મુજબ બે પક્ષકરોમાંથી કોઈ એ જ પુરાવો આપ્યા ના હોય ત્યારે જે વ્યકિત નિષ્ફળ થઈ જાય તેમ હોય ત્યારે તેના ઉપર દાવો તથા કાર્યવાહીનો પુરાવાનો બોજો રહે છે.

આમ આ બંને કલમોનો પુરાવો રજુ કરવા સંબંધે અને પુરાવાના ભાર વચ્ચે તફાવત પડે છે. આમ પુરાવો રજુ કરવાની જવાબદારી જે પક્ષકારની તે અધિનિયમ પુરવાર કરવી પડે તે જવાબદારી ખચતી નથી. વાદીનાં પુરાવાનો ભાર તેમના શીરે રહેલ છે. પરંતુ પુરાવાના આ ભારનું સ્થળાંતર થયેલ એટલે કે પ્રતિવાદી ઉપર વધુ પુરાવો રજુ કરવાની જવાબદારી ખેં ચે છે, તેના આધારે વાદીનો પુરાવો કે દાવો નિષ્ફળ થઈ શકે છે.

(૧૬) આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તથા નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિતકરવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લેતાં આ કામે ઘડવામાં આવેલ મુદ્દાનં ૧ થી ૨ કાયદા મુજબ'' **સાબીત કરવાની જવાબદારી વાદી નાં શીરે રહેલ છે.** તથા મુદા નં ૩ થી ૪ ની સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદી ના શીરે રહેલી છે.આમ ઉપરોકત ઠરાવવામાં આવેલ સિધ્ધાંતો તથા કેસની હકીકત ધ્યાને લેતાં આ કામમાં પુરાવાની ચર્ચામાં દિવાની કાર્યવાહીમાં નામદાર કોર્ટ **પ્રોબેલીટી એન્ડ પ્રોડયુલન્સ**નાં સિધ્ધાંત મુજબ પુરાવાનું પૃથ્થકરણ માટે મુલ્યાંકન કરવાનું હોય છે.

(૧૭) આ કામે વાદીની દાવા અરજી ની હકીકતો સમર્થનમાં વાદીએ આંક ૧૧ થી તેમના પુરાવાનુ સોગંધનામુ રજુ રાખેલ છે. તેમા તેઓએ દાવા અરજીની હકીકતોને તથા પ્ર તીવાદીઓના દાવા જવાબ રજુ થયેલ હકીકતોનો ઈન્કાર કરવામાં આવેલ છે.

અહી એ હકીકત ઉલ્લેખનીય છે કે આ કામમાં વાદી દવારા સદર પુરાવાનું સોગંધનામુ તા. ૧૨/૪/૨૨ ના રોજ રજુ કરવામાં આવેલુ અને ત્યારબાદ સદર કામમાં વાદીને ઉલટતપાસ માટે હાજર રહેવા મારા પુરોગામી ન્યાયાધીશ દવારા આંક ૧૨ થી ૨૩ સુધી એટલે કે તા. ૨૮/૧૧/૨૪ સુધી અર્થાત બે વર્ષ ઉપરાંતના સમયગાળા સુધી વાદીને પુરાવો ઉલટતપાસ માટે હાજર રખાવવા પુરતી અને વ્યાજબી તક આપાવમાં આવેલી ત્યારબાદ પણ વાદીને હાજર રખાવવા માટે ન્યાયની વીશાળહીતમાં તક આપવામાં આવેલી અને અંતે વાદીને યોગ્ય અને પુરતી તકો આપવા છતા વાદીને ઉલટતપાસ માટે હાજર ન રહેતા તેઓનો પુરાવો ડીસ્કાર્ડ કરી તેઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૧૮) આમ, વાદી જે દાવા હકીકતોને લઈને આવેલા છે તે દાવાની હકીકતો ને પુરવાર કરવા

માટે પુરતી અને વ્યાજબી તક મળવા છતા તેનો ઉપયોગ કરેલ નથી. આમ, દાવા અરજીની હકીકતોને સમર્થન કારી પુરાવો રજુ કરવામાં વાદી નીષ્ફળ રહેલ છે.

(૧૯) આ કામમાં વાદી દવારા તેમના પીતાના અવસાન બાદ તેમના મરણનો નોંધ ઓખા નગરપાલીકામાં થયેલ નથી તે બાબતનું અપ્રાપ્ય પ્રમાણપત્ર, ઓખા પો.સ્ટેમાં બોટમાથી દરીયાના તોફાનમાં માણસો ગુમ થયાની ફરીયાદ તેમજ લાશ મળ્યા અંગેની ઈન્કવેસ્ટ પંચનામુ તથા ગુમ થયેલાની રજીસ્ટરની નકલ તેમજ માછીમારને મદદનીશ મત્સ્યઉધોગ ના અભીપ્રાય થી કલેકટરશ્રી , જામનગરે આપેલ સહાય વીગેરે દસ્તાવેજી આધારો રજુ રાખેલા છે.

(૨૦) આ કામે દાવા અરજી વંચાણે લેતા ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૧૦૭ અને કલમ ૧૦૮ મુજબ વાદી તેમના પીતાનું સીવીલ ડેથ જાહેર કરવા માટે વીષયમાં ડેકલેરેશન માગેલ છે ત્યારે આ બન્ને કલમો વંચાણે લેતા વયકિત હયાત છે કે કેમ તે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સાબિતીનો બોજો કોના પર રહે છે તે આ કલમોમાં હાર્દ અથવા સત્વ છે. હયાતી અને મૃત્યુ માટે અનુમાન કરવામાં આવે પરંતુ મૃત્યુના સમય અંગે અનુમાન કરી શકાય નહી. મૃત્યુનો સમય પક્ષકારે સાબિત કરવાનો રહે છે. ઉપરોકત બન્ને કલમોમાં સાતત્યના સિધ્ધાંત પર રચવમાં આવેલી છે.એક વયકિત હયાત હતી તેવુ જણાવવામાં આવે ત્યારે નિશ્ચિત સમયમર્યાદામાં હોય તો તે વ્યકિત આજે પણ હયાત છે તેવુ અનુમાન થાય. જયારે આ કામે રજુ થયેલા દસ્તાવેજો તેમના પીતાની લાશ મળી આવેલી અને જે તે સમયે તેમના પીતાની અવસાનની નોંધ થયેલી નથી તો આ સંજોગોમાં દાદ મુજબ ઓખા નગરપાલીકાને મરણની નોંધ અંગેનો દાખલો આપવા હુકમ કરવા દાદ માગેલી છે.

(૨૧) આમ, વાદીની દાવા અરજીની હકીકત અંગે એ વાત નોંધનીય છે કે વાદીના પીતાનું અવસાન થયેલુ, તેની તેઓને સહાય મળેલી છે અને નગરપાલીકા ઓખામાં તેમનો મરણ નોંધ નોંધાયેલ ન હોવાના કારણોસર તેમને મરણનો દાખલો મળી શકેલ નહી. ગુજરાત રાજયમાં મરણની નોંધ કરાવવા માટે જન્મ મરણ નોંધણી અધીનીયમ ૧૯૬૯ લાગુ પડે છે ત્યારે તે પ્ર કારની નોંધ કરવા માટે સ્પેશીયલ કાયદો અમલમાં છે ત્યારે વાદીએ તે કાયદા હેઠળ તેઓને દાદ મળી શકે તેમ છે.

(૨૨) હાલના દાવામાં વાદી જયારે તેમના પીતાનુ સીવીલ ડેથ થયેલાનું ડેકલેરેશન માગેલ છે તે પ્રકારની દાવાની હકીકત પુરવાર કરેલ નથી જેથી મુદા નં ૧ પ્રમાણે વાદીના પીતા નું તા. ૧૦/૯/૧૦ ના રોજ થી તેઓના પીતા ગુમ થયેલા છે તે હકીકત દસ્તાવેજી પુરાવાથી વીરુધ્ધની હકીકત રેકર્ડ પર આવેલ છે. જેથી મુદા નં ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે તેમજ મુદા નં ૨ ની હકીકત અંગે વાદી કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જે સંજોગોમાં મુદા નં ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નં ૩ અને ૪ ની ચર્ચા</u>**

(૨૩) આ કામે પ્રતીવાદી નં ૨ દવારા તેમના બચાવમાં કે જે ઓખા નગરપાલીકા છે અને તેમા રાજય સરકાર દવારા જન્મ મરણ માટે સરકારે નોંધણી અધીકારી ની નીમણુક કરેલ છે. ત્યારે નગરપાલીકાની હદ વીસ્તારમાં થયેલ જન્મ અને મરણ નોંધ માટે ક્ષેત્રફળની મર્યાદા નકકી કરેલી છે અને વાદીના પીતાનું અવસાન દરીયામાં થયેલુ છે. ત્યારે દરીયાઈ સીમા પણ નકકી કરવામાં આવેલી છે આ કામમાં વાદીના પીતાનુ અવસાન દરીયાના કેટલા નોટીકલ માઈલમાં થયેલુ છે તે હકીકત અંગે વાદી દવારા કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી હદ વીસ્તારમાં અવસાન થયેલ છે કે કેમ? તે સ્પષ્ટ ન થાય ત્યા સુધી મરણનો દાખલો ઈસ્યુ કરવાની સતા ઓખા નગરપાલીકાને રહેતી નથી તે હકીકત પ્રતીવાદીએ તેમના જવાબમાં ઉપસ્થીત કરેલી છે. આ હકીકતને ખંડન કરવા માટે વાદી દવારા કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને જયારે વાદીના પીતાનુ અવસાન થયેલ છે તે હકીકત પ્રસ્થાપીત થાય છે અને તે અંગેનુ મરણોતર નોંધ થયેલ નથી. તે હકીકત પ્રસ્થાપીત છે ત્યારે વાદીના પીતાનુ અવસાન દરીયામાં થયેલ છે તે હકીકત ની નીર્વીવાદ છે કારણકે વાદી દવારા આ હકીકતને લગતા પુરાવાઓ તેમની દાવા અરજી સાથે રજુ કરેલા છે અને નગરપાલીકા ઓખા દવારા તેનો અપ્રાપ્ય પ્ર માણપત્ર આપેલ છે.

આ બાબતે ઓખા નગરપાલીકા વીસ્તારમાં વાદીના પીતાનું અવસાન થયેલ તે હકીકતને તથા દરીયાઈ વીસ્તાર ઓખા નગરપાલીકાની હદ માં આવતો હોય તેવુ પુરવાર કરવામાં વાદી નીષ્ફળ ગયેલા છે આ કામના પ્રતીવાદી નં ૨ એ બચાવ લીધેલ છે તે અખંડીત રહે

છે તેથી મુદા નં ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં ૪**

(૨૪) આ કામે પ્રતીવાદી નં ૨ દવારા જયુરીડીકશનની તકરાર લેવામાં આવેલી છે ત્યારે સી પી સી કલમ ૯ મુજબ કયા પ્રકારના દાવાઓ ચલાવવાની સતા સીવીલ કોર્ટને રહેલ છે તે અં ગે છણાવટ કરવામાં આવેલી છે જયારે કોઈ સ્પેશ્યલ કાયદા હેઠળ વાદીને દાદ મળી શકે તેમ હોય તો તેવા દાવા ચલાવવા માટે ની હકુમત અંગે ગર્ભીત બાદ નડે છે. આ કામમાં વાદી જયારે તેમના પીતાના અવસાનની નોંધ થયેલ ન હોય અને તે નોંધની માગણી કરાવવા માટે સ્પષ્ટ દાદ માગતા હોય ત્યારે જન્મ મરણ નોંધણી અધીનીયમ ૧૯૬૯ એ સ્પેશ્યલ જન્મ મરણની નોંધ માટેનો કાયદો છે અને તે તળે વાદીની દાદ મળી શકે તેમ છે.

આ કામમાં વાદીના પીતાનું અવસાન તા. ૧૦/૯/૨૦૧૦ના રોજ થયેલ તેવુ વાદીએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓથી ફલીત થાય છે પરંતુ તેમના મરણની નોંધ થયેલ નથી તે કરાવવા માટે હાલનો દાવો તા. ૨૪/૫/૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલો છે ત્યારે સમયમર્યાદાનો બાધ હાલના દાવામાં લાગુ પડે છે.

આમ, ઉપરોકત કાયદાકીય બાધ નડે છે અને જયારે વાદીને દાવામાં માગેલી દાદ આપવા અંગે અત્રેની કોર્ટને ગર્ભીત બાધ આવતો હોય, તેથી હાલના દાવામાં જયુરીડીકશનનો બાધ આવે છે તે સંજોગોમાં મુદા નં ૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં ૫**

(૨૫) આ કામે વાદી મુદા નં ૧ અને ૨ ની હકીકતો પુરવાર કરવમાં નીષ્ફળ ગયેલ છે અને મુદા નં ૩ પ્રમાણે પ્રતીવાદીના પુરાવાને ખંડન કરેલ નથી તેમજ જયારે હકુમતનો અને સમયમર્યાદાનો બાધ આવતો હોય ત્યારે વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા નથી. જેથી મુદા નં ૫ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં ૬ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ:-**

૧. વાદીઓનો દાવો ના-મંજુર કરવામાં આવે છે.

૨. વાદીના દાવાનો ખર્ચ જાતે ભોગવવો તથા પ્રતીવાદીને થયેલ ખર્ચ વાદીએ ભોગવવો.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૧૭ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહીં કરી આપી, જાહેર કરવામાં આવ્યો.

તા: ૧૭/ ૦૩ /૨૦૨૬
સ્થળ. દ્વારકા.

(એ.એ.શેખ)
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,
દ્વારકા.
**કોડ નં. જીજે.૦૧૧૬૩**